રોબોટિક સર્જરી
ડૉ. કેવલ પરમાર
એમ.એસ. ઓર્થોપેડીક (ગોલ્ડ મેડાલીસ્ટ)
ટ્રોમા એન્ડ રોબોટિક જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ઘૂંટણ બદલવાનું ઓપરેશન
કે.પી હોસ્પિટલ
નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8
તા.૧૯-૦૧-૨૦૨૬, સોમવાર
સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

EFCE SAROVAR PREMIERE
bhavnagar
A SAROVAR HOTEL
LEELA WORLD WIDE
Iscon Mega City, Opp. Victoria Park,
Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com



તુરખા હત્યાના મામલે પાંચમા દિવસે પણ મૃતદેહ સ્વીકારવાનો પરિવારજનોનો ઈન્કાર

તમામ આરોપીઓની ધરપકડની માંગ, ન્યાય નહિ મળે તો મહિલાનો મૃતદેહ ગાંધીનગર લઇ જવાની મૃતકના પરિવારજનોની ચીમકી

તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૯

બોટાદના તુરખા ગામે રહેતા એક પરિવારની સગીર વયની દીકરીને ગામનોજ યુવક ભગાડી ગયો હોય આ અંગેની ફરિયાદ નોંધાવતા તેની દાઝ રાખીને ૧૦થી ૧૨ જેટલા શખ્સોએ તીક્ષ્ણ હથિયારો વડે પરિવાર ઉપર હુમલો કરી નાનીબન લક્ષ્મણભાઈ પરમાર નામની એક મહિલાની હત્યા કરેલ જયારે વધુ એક મહિલા સહીત ત્રણ શખ્સોને ઈજા થતા તેઓને સારવારમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જયારે મહિલાના મૃતદેહને પીએમ અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડાયેલ જ્યાં પરિવારજનોએ આરોપી ના પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. દરમિયાન પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરેલ પરંતુ પરિવારજનોએ તમામ આરોપીની ધરપકડ કરી ન્યાયની માંગ સાથે એસપીને રજૂઆત કરેલ બાદ આજે સમાજના બહારગામના કેટલાક આગેવાનો ભાવનગર આવ્યા છે. અને ન્યાયની માંગણી સાથે હોસ્પિટલ બહાર ધરણા પર ઉતાર્યા છે અને ન્યાય નહિ મળે તો મહિલાના મૃતદેહના ગાંધીનગર વિધાનસભા બહાર લઈ જઈને ધારણા કરવામાં આવશે તેવી ચીમકી આપી હતી. ઉલ્લખનીય છે કે ભોગ બનનાર પરિવારની ૧૬ વર્ષની દીકરીને તુરખા ગામનોજ મનોજ ભરતભાઈ સાગઠીયા નામનો શખ્સ લલચાવી ફોસલાવી ભગાડી ગયેલ આ બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવેલ જેની દાઝ રાખી યુવકના પરિવારજનોના ટોળાએ જીવલેણ હથિયારો વડે હુમલો કરી નાનીબેન નામની મહિલાની હત્યા કરેલ જયારે એક મહિલા સહીત ચાર વ્યક્તિને ઈજા કરેલ જેને ભાવનગરની સરટી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલ દરમિયાન ભોગગ્રસ્ત પરિવારે હુમલાની અને હત્યાની ફરિયાદ નામજોગ કરવામાં આવેલ અને પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ પણ કરેલ ત્યારે પરિવારજનોએ હજુ આજે પાંચમા દિવસે પણ મહિલાનો મૃતદેહ સ્વીકાર્યો નથી અને તમામ આરોપીની ધરપકડ કરવા માંગ કરેલ છે. ભોગગ્રસ્ત પરિવારના સમર્થનમાં આજે બહારગામના લોકો આવ્યા છે અને હોસ્પિટલ બહાર ન્યાયની માંગ સાથે ધારણા કરી રહ્યા છે.

માવઠાની તૈયારી શરુ થઇ કે શું...?



આ વર્ષે આગાહી આપવામાં કંઈ કેટલા નિષ્ણાંત થઈ ગયા. થોડો સમય થાય ત્યાં અંબાલાલ અથવા હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવે કે ઠંડી ખુબ પડશે અને કાં તો કહેવામાં આવે કે ભુક્કા કાઢી નાંખે તેવો વરસાદ પડશે. હજું ઠંડી પણ સારા પ્રમાણમાં પડી રહી છે ત્યાં બે દિવસથી તાપમાન ઊંચું થવા લાગ્યું અને હવે અંબાલાલ કહે છે કે માવઠું થશે. અને સાલ્લું આકાશમાં વાદળો પણ બંધાવા લાગ્યા. આજે બપોરનાં સમયે નભમાં વાદળો દેખાતા આગાહી સાચી ન પડે તો સારું... બાકી હરિ કરે તેમ જ થાય.. બરાબર ને... (ફોટો- સ્ટોરી: જતીન ડી. ઘેલાણી)

ક્રાઈમ ન્યુઝ

સથરા ચોકડી પાસે ચાલીને જતા યુવાનને કેઈને અડફેટે લેતા મોત

ભાવનગર.તા.૧૯

તળાજા ખાતે સથરા ચોકડી પાસેથી પગપાળા પસાર થઈ રહેલ યુવાનને કેઈને અડફેટે લઈ આગળના વ્હીલ તળે કચડી નાખતા મોત નિપજ્યું હતું.

તળાજાના સથરા ગામે રહેતા કિશોરભાઈ વાલજીભાઈ ચુડાસણાનો પુત્ર અરુણભાઈ રામ સરોવરથી સથરા ચોકડી તરફ ચાલીને જઈ રહ્યો હતો તે દરમિયાન સથરા ચોકડી નજીક સામેથી આવી રહેલ કેન નંબર જીજે ૦૪ એપી ૦૧૬૬ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી પગપાળા જઈ રહેલ યુવાનને અડફેટે લઈ કેનના વ્હીલ તળે કચડી નાખતા તત્કાળ હોસ્પિટલે ખસેડવામાં આવેલ જ્યાં ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો.આ બનાવ સંદર્ભે મૃતકના પિતા કિશોરભાઈએ કેન ચાલક વિરૂધ્ધ અલંગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઈંગ્લીશ દારૂઅને બિયર સાથે ખેડૂતવાસનો શખ્સ ઝડપાયો

૪૮ ચપટા, ૪ બીયરના ટીન સહીત ૧૦ હજારનો મુદ્દામાલ જપ્ત

ભાવનગર,તા.૧૯

ભાવનગરના ઘોઘારોડ પોલીસ મથકના સ્ટાફએ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે આનંદનગર વિસ્તારમાં રહેણાંકી મકાનમાં દરોડો પાડી ઈંગ્લીશ દારૂ અને બીયરના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઘોઘારોડ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો અને ખેડૂતવાસ કોળી જ્ઞાતિની વળી પાસે પહોંચતા ખાનગીરાહે બાતમી મળેલ કે આનંદનગર, મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ વાળા ખાંચામાં રહેતો સંજય ઉર્ફે કૌભાંડ ભોળાભાઈ રાઠોડ નામનો શખ્સ બહારથી ઈંગ્લીશ દારૂ અને બીયા લાવી પોતાના ઘરે હંખીને છૂટક વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે તેના ઘરે પંચોને સાથે રાખીને દરોડો પાડતા ઈંગ્લીશ દારૂના અલગ-અલગ બ્રાન્ડના ૧૮૦ એમએલના ૪૮ ચપટા તેમજ ૪ બીયરના ટીન મળી કુલ રૂ.૧૦ હજારનો મુદ્દામાલ મળી આવતા પોલીસે કબ્જે કરી શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કુંભારવાડામાં જૂની અદાવતે દંપતી પર લોખંડના પાઈપ અને ધારિયા વડે હુમલો

બોરતળાવ પોલીસ મથકમાં આંઠ શખ્સો સામે ફરિયાદ

ભાવનગર,તા.૧૯

ભાવનગર શહેરમાં જૂની અદાવતમાં એક દંપતી પર આઠ જેટલા શખ્સોએ હથિયારો વડે હુમલો કર્યો હતો. આ ઘટના કુંભારવાડા વિસ્તારમાં બની હતી, જેમાં પતિ-પત્નીને ગંભીર ઈજાઓ પહોંચી છે.પ્રાથમિક માહિતી અનુસાર, અજીતભાઈ લખમણભાઈ રાહાણી અને તેમના પત્ની મુક્તાબેન હેબતપુર ખાતે એક લગ્ન પ્રસંગમાં ગયા હતા. ત્યાં તેમની નવીનભાઈ રાહાણી સાથે પૈસાની લેતીદેતી બાબતે બોલાચાલી થઈ હતી.

આ બોલાચાલીની દાઝ રાખીને, સાંજના સમયે જ્યારે દંપતી અક્ષયપાર્ક સ્કૂલ પાસેથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે મનીષ, ભરત, કુબેર અને વિક્રમના દીકરા સહિત અન્ય અજાણ્યા આઠ જેટલા શખ્સોએ તેમના પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ લાકડી, લોખંડના પાઈપ અને ધારિયા જેવા હથિયારોનો ઉપયોગ કર્યો હતો.આ હુમલામાં અજીતભાઈ રાહાણીને બંને પગ અને હાથમાં ફ્રેક્ચર થયું છે. જ્યારે તેમના પત્ની મુક્તાબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમને ટાંકા લેવા પડ્યા હતા.ઘટનાની જાણ થતા બોરતળાવ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધોબી સોસાયટીમાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

એલસીબીએ ૨૦ હજારની રોકડ જપ્ત કરી, બોરતળાવ પોલીસ મથકમાં ગુનો નોંધાયો

તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૯

ભાવનગર શહેરના ગઢેચી વડલા, ધોબી સોસાયટી વિસ્તારમાંથી પૂર્વ બાતમીના આધારે ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચના સ્ટાફએ દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રોકડ સાથે ઝડપી લઈને ધારણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે સ્ટાફને ખાનગીરાહે બાતમી મળેલ કે ગઢેચી વડલા, ધોબી સોસાયટી વિસ્તારમાં શેરી નંબર ૧ વાળી ગલીમાં કેટલાક ઈસમો જાહેરમાં ગોળ કુંડાળું વળી જુગાર રમી રહ્યા છે આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને દરોડો પાડતા જુગાર રમતા ઇમરાન મજીદભાઈ લોહિયા રહે. માઢીયાફળી પાછળ વરતેજીયાફળી, અબ્દુલભાઈ ઘાંચીના મકાનમાં,ભાવનગર, નરેશ ધનજીભાઈ પ્રજાપતિ રહે. શંભુભાઈ કુંભારના મકાનમાં, શિવરંજની સોસાયટી, સીદસરરોડ, વરતેજ. વીરભદ્રસિંહ વિક્રમસિંહ ગોહિલ રહે. પ્લોટ નંબર ૪૦૪, ગણેશનગર પ્રેસ ક્વાર્ટર પાછળ ચિત્રા, ભાવનગર, મહેશ જટાશંકર પંડ્યા રહે. પ્લોટ નંબર ૪, શિવશક્તિ સોસાયટી હાદાનગર તથા અફઝલ ઉસ્માનભાઈ લાકડીયા રહે, ધોબી સોસાયટી ગઢેચી વડલા ભાવનગર વાળા મળી આવેલ તેની અટકાયત કરી હતી પોલીસે પટમાંથી રોકડા રૂ.૨૦૦૫૦ તથા જુગાર સાહિત્ય જપ્ત કરી બોરતળાવ પોલીસ મથકમાં તમામ સામે જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધાવેલ.

ન્યૂઝ ફ્લેશ

શહેરના મિલની ચાલીમાં રહેતા યુવાનનું શંકાસ્પદ હાલતે મોત: પોસ્ટ મોર્ટમ કરાવવા પોલીસ દ્વારા પરિવારજનોને સમજાવટ

ફુલસરનો પરિવાર લગ્નની ખરીદી કરવા માટે સુરત ગયો અને તસ્કરો ઘરે પહોંચ્યા

તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૯

ભાવનગરના ફુલસર વિસ્તારમાં એક ઘરમાં તસ્કરોએ હાથફેરો કર્યો છે. પરિવાર લગ્નની ખરીદી માટે સુરત ગયો હતો ત્યારે લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીના, રોકડ અને મોબાઈલ ફોનની ચોરી થઈ હતી. આ ઘટના ૧૩ જાન્યુઆરીની રાત્રિના સુમારે બની હતી.

આ બનાવ અંગે બોરતળાવ પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર નિલમબેન અલ્પેશભાઈ ડાભી રહે.પ્લોટ નં. ૭, ઉપવનદર્શન સોસાયટી, ફુલસરએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, તેઓ ૧૩મીના રોજ રાત્રે લગભગ ૯ વાગ્યે તેમના નણંદ અને દીકરી સાથે નણંદના લગ્નની ખરીદી માટે સુરત જવા નીકળ્યા હતા. ઘરના મુખ્ય દરવાજા અને બેડરૂમના દરવાજાને તાળું મારી તેઓ નીકળ્યા હતા.

મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી સોના-ચાંદીના દાગીના , રોકડ, મોબાઈલ અને કપડાં સહીત ૧.૯૮ લાખની ચોરી કરી ફરાર થયાની ફરિયાદ

તેઓ સુરતથી પરત ફર્યા ત્યારે તેમણે જોયું કે ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું હતું અને દરવાજામાં લગાવેલી આંકડી પણ તૂટેલી હતી. અંદર જઈને જોતા બેડરૂમનું તાળું પણ તૂટેલું હતું અને સામાન વેરવિખેર પડ્યો હતો.તપાસ કરતા જાણવા મળ્યું કે, ઘરમાંથી સોનાનું મંગળસૂત્ર, સોનાનો ચેઈન, સોનાનો ચેઈન, ૪ જોડી સોનાની વીંટી અને ગ્રામની બાળકીની સોનાની વીંટી, બાળકીની ૨ ચાંદીની વીંટી, બાળકીના ચાંદીના છડાની ૨ જોડ, ચાંદીના છડાની ૧ જોડ, ચાંદીનું સિંહાસન, ૬ ચાંદીના સિક્કા, ચાંદીની પગની માછલી, ચાંદીની ખ્યાલી મળી સોના-ચાંદીના દાગીના કિંમત રૂ.૧,૪૨,૯૮૦, મોબાઈલ ફોનમાં ૩ કિં.૨૫,૦૦૦, રોકડા રૂ.૩૦,૦૦૦ પણ ગાયબ હતા. કુલ મળીને રૂ.૧,૯૩,૯૮૦ ની કિંમતની વિવિધ ચીજવસ્તુઓ, મોબાઈલ અને સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા તેમજ ચોરો કપડાં, સાડી, ચણિયા-ચોળી, શેરવાની, પેન્ટ-કોટ, મકાનના દસ્તાવેજની નકલ અને સોના-ચાંદીના ઘરેણાંના બિલ પણ લઈ ગયા હતા, નિલમબેને પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટ્રેક્ટર પલટી ખાતા વીજ થાંભલા નીચે દબાઈ જતા શ્રમિકનું મોત

રોહીશાળા નજીકનો બનાવ, શ્રમિકો ટ્રેકટરમાં જીઈબીના થાંભલા ભરીને જતા હતા, રોઝડું આડુ ઉતારતા થયો અકસ્માત

ભાવનગર,તા.૧૯

બોટાદ જિલ્લાના લાઠીદડ ગામે જીઈબીના થાંભલા નાખવા માટે ટ્રેકટરમાં જઈ રહેલા મજૂરો ભરેલું ટ્રેક્ટર રોહીશાળા નજીક પલટી ખાઈ જતા થાંભલા ભરેલા ટ્રેક્ટર ટળે દબાઈ જતા એક મજૂરનું મોત નિપજ્યું હતું. આ અંગે ટ્રેક્ટર ચાલાક વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઈ છે.

મૂળ પાંચમહલના વતની અને હાલ બોટાદના લાઠીદડ ગામે રહેતા ગિરીશભાઈ ઉદયભાઈ નાયક અને સુરેશભાઈ નરસીહભાઈ નાયક તથા મુકેશભાઈ સોમાભાઈ નાયક તથા વિજયભાઈ નાયક બોટાદ રૂરલ જીઈબીમાં મજૂરી તરીકે કામ કરે છે. અને રોહીશાળા ગામમાં ખાતે નવો પેટ્રોલ પંપ બનતો હોય અને તેનું વીજ કનેક્શન શરૂ કરવાનું હોય અને થાંભલા નાખવાના હોય જેથી ટ્રેક્ટર ડ્રાઈવર શૈલેષભાઈ ઉર્ફે લાલભાઈ જીતેન્દ્રભાઈ સાથે ટ્રેક્ટર નંબર જીજે-૩૩-બી-૮૫૫૪ તેમજ ટ્રોલી નંબર જીજે-૩૩-ટી-૨૮૧૮ માં જીઈબીના આઠ થાંભલાઓ ભરી રોહીશાળા ગામ જવા માટે નિકળ્યા હતા.દરમિયાનમાં લાખેણી ગામથી રોહીશાળા ગામ જવાના રસ્તા ઉપર દરગાહ પાસે પહોંચતા અચાનક રોજડા આવી જતા ટ્રેકટરના ચાલકે પોતાનું વાહન પર કાબુ ગુમાવી દેતા ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું.અને સુરેશભાઈ નરસીહભાઈ નાયક થાંભલા તળે દબાઈ જતા ગંભીર ઈજા થઈ હતી.સુરેશભાઈને ઈજાગ્રસ્ત હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં તેમનું મોત નિપજ્યું હતું.આ બનાવ સંદર્ભે ટ્રેક્ટર ચાલક વિરુધ્ધ બોટાદ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગઢડામાં વૃદ્ધની હત્યા કરનાર બે ભાઈઓની કરાઈ ધરપકડ

મકરસંક્રાંતિના દિવસે દુકાન પાસે મોટરસાયકલ પાર્ક કરવા મામલે બે જૂથ વચ્ચે મારામારી થયેલી

ભાવનગર,તા.૧૯

ગઢડામાં મકરસંક્રાંતિના દિવસે મોટરસાયકલ પાર્ક કરવા મામલે બે પક્ષ વચ્ચે બોલા- ચાલી થઈ જતા બન્ને વચ્ચે છરા લાકડી વડે મારામારી થઈ હતી.આ પ્રકરણમાં વૃદ્ધનું મોત નિપજતા મારા મારા મારીનો બનાવ હત્યામાં પરિણ્યો છે.આ બનાવ સંદર્ભે ગઢડા પોલીસે બે શખ્સને ઝડપી લઈ ઘટનાનું રિ - ક્નસ્ટ્રકશન કર્યું હતું.

ગઢડાના હુડકો સોસાયટીમાં રહેતા મુનાજભાઈ અહેમદભાઈ તરકવાડીયાની ખટકી વાડ ખાતે આવેલી મટનની દુકાનની બાજુમાં યુનુસ ઓસમાણભાઈ તરકવાડિયાની દુકાન આવેલ હોય અને મુનાજભાઈએ દુકાન પાસે બાઈક પાર્ક કરેલ હોય આ બાબતે યુનુસ તથા મહેબૂબે મુનાજભાઈ તથા તેના પિતા સાથે બોલાચાલી ઝઘડો કરી ગાળો આપી પિતા અહેમદભાઈને માથાના ભાગે લોખંડના પાઈપનો ઘા ઝીકી ગંભીર ઈજા પહોંચાડી હતી. તથા મહેબૂબ ઓસમાણભાઈ તરકવાડીએ મુનાજભાઈને લોખંડના પાઈપ વડે માર મારી મુંઢ ઈજા પહોચાડી હતી.ઈજાગ્રસ્ત અહેમદભાઈને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નીપજતા મારા મારીનો બનાવ હત્યામાં પરિણમ્યો હતો.જ્યારે ગઢડા પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરી વૃદ્ધની હત્યા કરનાર યુનુસ ઓસમાણભાઈ તરકવાડિયા અને તેનો ભાઈ મહેબૂબ ઓસમાણભાઈ તરકવાડીની માંડવાના કબ્રસ્તાન પાસેથી ધરપકડ કરી હતી.અને પોલીસે બન્ને શખ્સને સાથે રાખી ઘટનાનું રિ - ક્નસ્ટ્રકશન કર્યું હતું.

ઈંગ્લીશ દારૂના ૩૫ ચપટા સાથે ૧ શખ્સ ઝડપાયો

દારૂ આપી જનાર સહીત બંને સામે ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર,તા.૧૯

ભાવનગરના ઘોઘારોડ પોલીસ મથકના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ હાલતે નીકળેલા કે શખ્સને ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે ઝડપી લીધો હતો જયારે તેને દારૂનો જથ્થો આપી જનાર સહીત બંને સામે ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે ઘોઘારોડ પોલીસ મથકથી જાણવા મળતી વિગતો મુજબ ઘોઘારોડ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે એક શખ્સ શંકાસ્પદ હાલતે નીકળતા તેને અટકાવી તેની પાસે રહેલી થેલી ચેક કરતા તેમાંથી ઈંગ્લીશ દારૂના ૧૮૦ એમએલના ૩૫ ચપટા મળી આવતા પોલીસે રૂ. ૪૦૯૫નો મુદ્દા માલ કબ્જે કર્યો હતો અને દારૂ ક્યાંથી લાવ્યો તે બાબતે પુછતા મેહુલ ઉર્ફે જોગી આપી ગયો હોવાનું જણાવતા પોલીસે બંને સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરેલ.

કણબીવાડનો શખ્સ ઈંગ્લીશ દારૂના બે ચપટા સાથે ઝબ્બે

ભાવનગર,તા.૧૯

ભાવનગરના ગંગાજળિયા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો અને કણબીવાડ જ્યોતિ મહિલા સ્કૂલ પાસે પહોંચતા એક શખ્સ પોલીસને જોઈને શંકાસ્પદ જનતા તેને અટકાવી તલાસી લેતા તેની પાસેથી ઈંગ્લીશ દારૂના ૧૮૦ એમએલના ૨ ચપટા મળી આવ્યા હતા તેનું નામ પુછાતા તે ભાવિન વિનોદભાઈ પિઠોરીયા દેવીદાસ પટેલની શેરી, કણબીવાડમાં રહેતો હોવાનું જણાવેલ તેની અટકાયત કરી દારૂ ક્યાંથી લાવ્યો તેમ પુછતા તેને કણબીવાડના પ્રતીક શાહનું નામ આપતા પોલીસે બંને સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.